# ગુજરાત પેટાચૂંટણીનું આજે પરિણામ

## ૪૯ ઉમેદવારોના ભાવિનો ફેંસલો : મુખ્યમંત્રી આનંદીબેન પટેલની પણ અગ્નિકસોટી થનાર છે : ગુજરાતમાં વડોદરા લોકસભાની બેઠક અને વિધાનસભાની નવ બેઠક માટેની પેટાચૂંટણીમાં માત્ર ૪૯ ટકા મતદાન નોંધાયા બાદ પરિણામોને લઈ ઉત્તેજના

અમદાવાદ,તા. ૧૫

લોકસભાની વડોદરા બેઠક અને વિધાનસભાની નવ બેઠકોની હાલમાં યોજાયેલી પેટાચૂંટણી બાદ આવતીકાલે પરિણામ જાહેર કરવામાં આવનાર છે. ગુજરાતમાં પેટાચૂંટણી માટે ખુબ ઓછુ મતદાન થયા બાદ ભાજપ અને કોંગ્રેસ બન્ને પાર્ટીમાં હાલ સસ્પેન્સની સ્થિતી છે. ખાસ કરીને ભાજપની છાવણી ચિંતાતુર બનેલી છે. પરિણામ પર માત્ર ગુજરાતમાં આનંદીબેન પટેલ સરકારની જ નહી બલ્કે મોદી સરકારની પણ નજર છે. ગુજરાત પેટાચુંટણીમાં કુલ ૪૯ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થનાર છે. નરેન્દ્ર મોદીની ગેરહાજરીમાં પેટાચૂંટણી યોજાઈ હતી. આ પેટાચૂંટણીમાં મતદાન પણ ખુબ ઓછુ રહ્યું હતુ.ગુજરાતમાં વડોદરા લોકસભાની એક અને વિધાનસભાની નવ બેઠકો માટે યોજાયેલી પેટાચૂંટણી કોઈ પણ અનિચ્છનીય બનાવ વગર શાંતિપૂર્ણ રીતે સમ્પન્ન થઈ હતી. આ તમામ બેઠકો પર સરેરાશ ૪૯.૧૯ ટકા મતદાન થયું હતુ. પરિણામ પહેલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તથા કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા રાજકીય અગ્નિ કસોટીમાંથી હેમખેમ પાર ઉતરશે કે કેમ તેને લઈને રાજકીય ચર્ચા ગરમ બની ગઈ છે. આ પેટાચૂંટણીની સહુથી મહત્વની અને આંખે ઉડીને વળગે તેવી ઘટના એ રહી હતી કે વડોદરાની લોકસભા તથા મણીનગરની વિધાનસભાની બેઠક પર જ્યાં નરેન્દ્ર મોદીને ઐતિહાસિક લીડ મળી હતી તે બંને બેઠકો પર ખુબ ઓછું મતદાન થયું હતું. જે મતદારોની નિરસતાનું સૂચક બની રહ્યું હતું વડોદરાના દરીપુરા, સિદ્ધાર્થ બંગ્લોઝ વગેરે વિસ્તારોના મતદારોએ મતદાનનો બહિષ્કાર કર્યો હતો. ગુજરાતમાં કુલ ૧૦ બેઠકો માટે ૨૦૪૫ ઈમારતો કાર્યરત હતી. રાજ્યમાં પેટાચૂંટણી માટે ૩૭૬૬ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા હતા. રાજ્યમાં કુલ ૭૪૩૨ ઈવીએમનો ઉપયોગ પેટાચૂંટણીને લઈને કરવામાં આવ્યો હતો. બેલેટ યુનિટનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

વડોદરા શહેરના લોકોએ કેટલાક મુદ્દા ઉઠાવીને મતાધિકારનો ઉપયોગ સવારે કર્યો ન હતો.અત્રે ઉલ્લેખનીય છે કે વડોદરામાં તાજેતરમાં પુરની સ્થિતી સર્જાઇ ગઇ હતી. ગુજરાતમાં લોકસભાની વડોદરા બેઠક અને વિધાનસભાની નવ અને લોકસભાની એક બેઠક માટે યોજનાર મતદાનને લઈને તમામ તૈયારી તંત્ર દ્વારા પહેલાથી કરી લેવામાં આવી હતી. કોઈ પણ ગેરરિતી ન થાય અને શાંતિપૂર્ણ મતદાન થાય તે માટે તમામ જરૂરી પગલા લેવામાં આવ્યા હતા.હવે આવતીકાલે યોજનાર મતગણતરીને લઈને તંત્ર દ્વારા તમામ પગલા લેવામાં આવ્યા છે. બપોર સુધી સમગ્ર ચિત્ર સ્પષ્ટ થઈ જાય તેવી શક્યતા દેખાઈ રહી છે.ગુજરાતની સાથે સાથે દેશના અન્ય રાજ્યોમાં યોજાયેલી પેટાચૂંટણીના પરિણામો પણ જાહેર કરવામાં આવનાર છે. જેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે.

ગુજરાત ઉપરાંત જેના પર તમામની નજર છે તે ઉત્તરપ્રદેશ છે. જ્યાં મૈનપુરી લોકસભાની બેઠક માટે પણ પેટાચૂંટણી યોજાઈ હતી. તાજેતરમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં મોદી લહેર વચ્ચે ભાજપે ગુજરાતમાં જોરદાર સપાટો બોલાવી તમામ ૨૬ બેઠકો જીતી લીધી હતી. જેથી પેટાચૂંટણીમાં ભાજપ કેવો દેખાવ કરે છે તેના પર તમામની નજર રહેશે.

### પરિણામ પર નજર...

- ગુજરાતમાં પેટાચૂંટણી માટે ખુબ ઓછુ મતદાન થયા બાદ ભાજપ અને કોંગ્રેસ બન્ને પાર્ટીમાં હાલ સસ્પેન્સની સ્થિતી
- આ પેટાચૂંટણીમાં મતદાન પણ ખુબ ઓછુ રહ્યું હતુ
- તમામ બેઠકો પર સરેરાશ ૪૯.૧૯ ટકા મતદાન થયું હતુ
- મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તથા કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા રાજકીય અગ્નિ કસોટીમાંથી હેમખેમ પાર ઉતરશે કે કેમ તેને લઈને રાજકીય ચર્ચા ગરમ બની ગઈ છે
- રાજ્યમાં પેટાચૂંટણી માટે કુલ ૪૯ ઉમેદવારો મેદાનમાં હતા
- રાજ્યમા અનેક મોટા માથા મેદાનમાં હોવાથી કોણ બાજી મારશે તેને લઈને ગણતરી
- વડોદરામાં પુરની સ્થિતીના કારણે મતદાન પર માઠી અસર થઈ

## શાળાને ૧૦ ઓક્ટોબર સુધી પરીક્ષા પરિપૂર્ણ કરવા હુકમ

### પરીક્ષા બાદ શિક્ષકોની તાલીમનું આયોજન કરાશે : રાજ્યની પ્રાથમિક સ્કુલોમાં દિવાળી વેકેશનના દસ દિવસ પહેલા પરીક્ષાઓ પૂર્ણ કરી દેવા આદેશ આપવામાં આવ્યો

અમદાવાદ, તા.૧૫

રાજ્યની પ્રાથમિક સ્કુલોમાં દિવાળી વેકેશનના દસ દિવસ પહેલા પરીક્ષાઓ પૂર્ણ કરી દેવાનો આદેશ આપવામાં આવ્યો છે. ૨૦ ઓક્ટોબરથી પ્રાથમિક સ્કુલોમાં દિવાળી વેકેશનની શરૂઆત થશે પરંતુ સ્કુલોએ ૧૦ ઓક્ટોબર સુધી પરીક્ષા પૂર્ણ કરી દેવાની રહેશે. દિવાળી વેકેશન પહેલા પ્રાથમિક સ્કુલોમાં શિક્ષકો માટે ત્રણ દિવસીય તાલીમ રાખવાની હોઈ સ્કુલોને પરીક્ષા વહેલી પૂર્ણ કરવા માટે તાકીદ કરાઈ છે. જો કે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પણ ૧૩ ઓક્ટોબરથી સાયન્સ પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા શરૂ થતી હોઈ તેઓ પણ ૧૦ ઓક્ટોબર સુધીમાં પરીક્ષા પૂર્ણ કરે તેવી શક્યતાઓ છે.

રાજ્યની પ્રાથમિક સ્કુલોમાં ૨૦ ઓક્ટોબરથી દિવાળી વેકેશનની શરૂઆત થશે. જેથી સ્કુલો દ્વારા ૧૭ અથવા તો ૧૮ ઓક્ટોબર સુધીમાં પ્રથમ કસોટી પૂર્ણ કરવાની તૈયારીઓ કરવામાં આવી હતી. જો કે હવે તમામ પ્રાથમિક સ્કુલોએ ૧૦ ઓક્ટોબર સુધીમાં જ પ્રથમ સત્રની કસોટી પૂર્ણ કરવાની રહેશે. સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત શિક્ષક સેવાકાલીન તાલીમ માટે ૧૦ દિવસની તાલીમ નક્કી કરવામાં આવી હતી. જેમાં સાત દિવસની બ્લોક કક્ષાની તાલીમ અને ૩ દિવસની કલસ્ટર કક્ષાની તાલીમ મંજુર કરવામાં આવી હતી. નક્કી થયેલી તાલીમ પૈકી ૪ દિવસની બ્લોક કક્ષાની તાલીમ જૂન-૨૦૧૪માં પૂર્ણ કરી દેવામાં આવી હતી. બાકી રહેતી ત્રણ દિવસની બ્લોક કક્ષાની તાલીમ દિવાળી વેકેશન પડતા પહેલા પૂરી કરવાનું નક્કી કરાયું છે. જે મુજબ આ ત્રણ દિવસની તાલીમ ૧૫ ઓક્ટોબર દરમ્યાન યોજવામાં આવશે. જેથી આ સમય દરમ્યાન શિક્ષકોને તાલીમ માટે મુક્તિ મળી શકે તે હેતુથી પ્રોજેક્ટ ઓફીસમાંથી રાજ્યના તમામ પ્રાથમિક શિક્ષણાધિકારીને પરિપત્ર દ્વારા વહેલા પરીક્ષા યોજવાનો આદેશ કર્યો છે.

## સંતશ્રી નથ્થુરામબાપા જ્યોતિ વિદ્યાલય ખેડબ્રહ્માનું ગૌરવ

ખેડબ્રહ્મા, તા. ૧૫

તાજેતરમાં સ્પોર્ટસ સંકુલ હિંમતનગર ખાતે જિલ્લાકક્ષાની એથ્લેટીક્સ સ્પર્ધા યોજાયેલ. સંતશ્રી નથ્થુરામબાપા જ્યોતિ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ સિનીયર જુનીયર ભાઈ-બહેનોની સ્પર્ધામાં ઉચ્ચ દેખાવ કરેલ. જોં રાકેશ એસ. પ્રજાપતિ લંગડીફાળ કુદ તથા ૪-૧૦૦ રીલેમાં પ્રથમ તથા મુકેશ એચ. પારધી ૪-૧૦૦ રીલેમાં પ્રથમ આવી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા હતા. પ્રથમ ક્રમે વિજેતા થવા બદલ સંસ્થાના પ્રમુખ અંબાલાલબાપા, મંત્રી જેઠાભાઈ સાહેબ તથા આચાર્ય સુરેશભાઈ પટેલે વ્યાયામ શિક્ષકશ્રી સુ.શા. પટેલ અને ડી.ડી. નિનામાને તથા રમતવીરોને અભિનંદન પાઠવ્યા હતા.

## ખેડબ્રહ્મા વેપારી મહામંડળના પ્રમુખની વરણી



ખેડબ્રહ્મા, તા.૧૫

ખેડબ્રહ્મા વેપારી મહામંડળની સામાન્ય સભા રવિવારે શ્રી કાશી વિશ્વનાથ મહાદેવમંદિરના હોલમાં મળી હતી. જેના અધ્યક્ષ તરીકે બજાર સમિતિના ચેરમેન જશુભાઈ જે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ સભામાં મંડળના પ્રમુખ તરીકે નારાયણદાસ શામળદાસ બારોટની વરણી કરવામાં આવી હતી. નારાયણ દાસ બારોટ સતત ૧૫ વર્ષતી પ્રમુખ તરીકે સેવા બજાવી રહ્યા છે. પ્રમુખ તરીકે તેમની બીનહરીફ વરણી થતા જશુભાઈ જે. પટેલ-ફુલશંકર રાવલ-દિલિપભાઈ આ. મહેતા, હસમુખલાલ એમ. રાવલ, ચંપકલાલ જે. પ્રજાપતિ સહીત વેપારીઓએ બિરદાવ્યા હતા. સભાનું સંચાલન હસમુખલાલ કે. ભાવસારે કર્યું હતું.

## જે.ડી. પટેલ હાઈસ્કૂલ ખેડબ્રહ્માનું ગૌરવ

ખેડબ્રહ્મા તાલુકા કક્ષાની વોલીબોલ સ્પર્ધા યોજાઈ ગઈ જેમાં અન્ડર ૧૭ની કક્ષામાં ભાઈઓ અને બહેનોની ટીમે ભાગ લીધો હતો. જેમાં શાળાની ભાઈઓ અને બહેનોની ટીમો પ્રથમ સ્થાને રહી હતી. આ ઉપરાંત જિલ્લા કક્ષાની એથ્લેટીકસ સ્પર્ધા હિંમતનગર મુકામે યોજાઈ જેમાં વસંતકુમાર પી. પ્રજાપતિ લંગડી ફાળ કૂદમાં પ્રથમ સ્થાને અને ૪x૧૦૦ રીલે દોડમાં દ્વિતિય સ્થાન મેળવેલ છે. જે બદલ સર્વે વિદ્યાર્થીઓને શાળા પરિવાર અને સંચાલક મંડળે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.





(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## બનાસકાંઠા સહકારી સંઘની બેઠક યોજાઈ

બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘની સાધારણ સભા થરા માર્કેટયાર્ડના ચેરમેન અણદાભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. સંઘ દ્વારા ગામડાના ગરીબ અને આર્થિક રીતે નબળા લોકોને પગભર કરવા કામગીરી હાથ ધરવામાં આવી રહી છે તે અંગે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં મોટી સંખ્યામાં સહકારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સ્વાગતવિધિ કે.જી. ચૌધરી અને આભારવિધિ નરસંગભાઈ પટેલે કરી હતી.

## ડીસામાં પેટા ચૂંટણી પરિણામો મામલે તકરાર : કોંગ્રેસ આગેવાન સહીત ત્રણ વિરૂદ્ધ ફરિયાદ

ડીસા, તા. ૧૫

ડીસામાં વિધાનસભા પેટા ચૂંટણી પરિણામ ૧૬ તારીખે છે અને માત્ર પરિણામો આડે એક દિવસ બાકી છે ત્યારે આ પરિણામોને લઈને થયેલી કોમેન્ટ તકરારમાં પરિણમતા કોંગ્રેસના આગેવાને ભાજપના ડીસા તાલુકા યુવા મોરચાના મહામંત્રીને માર મારેલ છે. આ ઘટનામાં ઉત્તર પોલીસે કોંગ્રેસ કાર્યકર્તા અને તના બે સાથીદારો વિરૂદ્ધ ફરિયાદ નોંધી છે.


બનાસકાંઠાના ડીસા વિધાનસભા બેઠકની ગત તારીખ ૧૩ સપ્ટેમ્બરના રોજ પેટા ચૂંટણી યોજાઈ હતી. ઉત્તર ગુજરાતની આ એક માત્ર પ્રતિસ્ઠાભરી આ બેઠક માટે યોજાયેલા મતદાનમાં મતદારોએ ઉત્સાહપૂર્વક ભાગ લેતા અહીં ૬૨.૨૨ ટકા જેટલું ઊંચુ મતદાન નોંધાયું હતું. જો કે આ ચૂંટણી જંગમાં ઉભેલા ૮ ઉમેદવારોમાંછ અપક્ષોને બાદ કરતા મુખ્ય જંગ ભાજપના લેબજી ચમનજી ઠાકોર અને કોંગ્રેસના જુના જોગી એવા ગોવાભાઈ હમીરાભાઈ રબારી વચ્ચે થયો હતો. આ ચૂંટણીના પરિણામો પરથી જ્યારે ૧૬મી સપ્ટેમ્બરે પડદો ઉંચકાય તે પહેલા જ અહીં પરિણામોને લઈને ડખા શરૂ થયા છે જેમાં ગઈ કાલે સાંજના સમયે કોંગ્રેસના આગેવાન રમેશભાઈ ઠાકોર રહે. ઓગડવાસ ડીસા અને ભાજપ ડીસા તાલુકો યુવા મોરચાના મહામંત્રી પ્રકાશભાઈ બાલાજી પરમાર રહે. ગામ જોરાપુરા તાલુકો ડીસા વચ્ચે પરિણામોની ચર્ચામાં તકરાર થતા મારામારીનો બનાવ પ્રકાશમાં આવેલો છે. જેમાં ફરિયાદી એવા ભાજપના યુવા મોરચા મહામંત્રી પ્રકાશભાઈ પરમારે ઉત્તર પોલીસમથકે જઈ ફરિયાદ આપતા જણાવેલ કે 'અમો અમારા મોબાઈલના ફોટાની પ્રિન્ટ કઢાવવા ફુવારા સર્કલ પાસે આવ્યા હતા અને તે બાદ મારા સાથીદારો સાથે બગીચા તરફ જતા હતા ત્યારે એક ક્વોલીસ જીપમાં કોંગ્રેસના આરોપી રમેશભાઈ ઠાકોર ત્યાં આવ્યા હતા અને મને કહેલ કે તું ચૂંટણી બાબતે શું ચર્ચા કરે છે? મત ગણતરી દિવસ ૧૬ સપ્ટેમ્બરે ખબર પડી જશે' તેવું કહી આરોપી રમેશ ઠાકોર ઉશ્કેરાઈ ગયેલા અને મને ગાળો બોલી નાક પર ધક્કો મારેલ. જ્યારે તેમની સાથે ના અન્ય બે માણસોએ મને જમણા હાથ પર ધોકો મારેલ અને કહેલ કે અમે ઓગડવાસના દાદા છઈએ, તારૂ ખૂન કરી નાખીશ, તેમ કહી ધમકી આપેલ, જો કે પરિણામ પહેલા જ આવા ડખા શરૂ થતા પોલીસે પીડિતની ફરિયાદ આધારે આરોપી રમેશ ઠાકોર અને અન્ય બે હુમલાખોર વિરૂદ્ધ આઈ.પી.સી. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ અને બી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ ફરિયાદ દાખલ કરેલ છે જેની વધુ તપાસ પી.એસ.આઈ. જે.બી. આસ્લોડીયા ચલાવી રહ્યા છે.

## ટ્રાફિક ડાયવર્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જે મુજબ તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ નાગરિકોને કોઈ હાલાકી ન પડે તે માટે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન અમદાવાદ-ઈન્દિરાબ્રિજથી ગાંધીનગર તરફ આવતા વાહનો માટે ઈન્દિરાબ્રિજ સર્કલથી નરોડા જી.આઈ.ડી.સી. નાના-ચિલોડા થઈ સે. ૩૦ સર્કલ થઈને ગાંધીનગરમાં પ્રવેશ કરવો પડશે. આ ઉપરાંત સાંજના ૭ થી ૮ કલાક દરમિયાન સરખેજ રૂટ પરથી એસ.જી.હાઈવે થઈને ગાંધીનગર આવતા વાહનોને ખોડીયાર કન્ટેનર ડેપોથી જમિયતપુરા, શેરથાથી ઉવારસદ અને વાવોલ થઈને ગાંધીનગરમાં પ્રવેશ કરવો પડશે.

## શબ્દાવલી - ૫૫૦૬



| આડી ચાવી | ઊભી ચાવી |
|---|---|
| ૧. સાવકુ, પોતાનું નહિ તેવું(૩) | ૧. ... મોટી ખાણ છે (૪) |
| ૩. વિશ્વાસ (૩) | ૨. નાકનું ઘરેણું (૨) |
| ૫. ઝાપટ, લાફો (૩) | ૩. હિંચકો, પાટ (૨) |
| ૬. જમીનની ફળદ્રુપતા વધારવા... અને પાણી નાખવું પડે (૩) | ૪. ચાલચલન, રહેણીકરણી(૪) |
| ૮. આપના આગમનથી પ્રસંગની... માં અભિવૃદ્ધિ થઇ(૨) | ૭. ગતિ (૪) |
| ૯. આજ્ઞા, હુકમ (૪) | ૧૦. ચોક્કો એટલે ચાર... (ક્રિકેટ (૨) |
| ૧૨. શણીયું, શણના કોથળા(૩) | ૧૧. પહેલાના રાજાઓ વેશપલટો કરી... જોવા નીકળતા (૫) |
| ૧૩. હાથી (૨) | ૧૨. લાપસી, એક વાનગી (૩) |
| ૧૫. ગૃહસ્થી, .... અસાર છે(૩) | ૧૪. યમ (૨) |
| ૧૬. ગેઇમ, ખેલ (૩) | ૧૫. સંતાન, ઓલાદ (૩) |
| ૧૮. મલાઇ (૨) | ૧૭. સાધુ, સન્યાસી (૩) |
| ૧૯. સુવર્ણ મૃગનું રૂપ લેનાર રામાયણનો એક રાક્ષસ (૩) | ૧૯. સન્માન (૨) |
| ૨૧. આખા દિવસમાં કરેલ કાર્યની નોંધ (૪) | ૨૦. ધનવાન માણસને... ફેમીલીનું કહેવાય (૨) |

### શબ્દાવલી ૫૫૦૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) અરમાન (૪) ચોપાટ (૬) ખળભળાટ (૮) ખાપણ (૧૦) લોભ (૧૨) મણ (૧૩) કમાન (૧૪) વલુર (૧૫) જામ (૧૭) કામણ (૧૮) સવલત (૨૦) તડપ (૨૧) તવારીખ

**ઊભી ચાવી :-** (૧) અળખામણુ (૨) માખણ (૩) નળ (૪) ચોળા (૫) પાટલો (૭) ભરમાર (૯) પણ (૧૧) ભલામણ (૧૩) કલુષિત (૧૫) જામગરી (૧૬) કાવડ (૧૮) સત (૧૯) લપ

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં કારકિર્દી સપ્તાહ ઉજવાયું

ગાંધીનગર, તા.૧૫

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં રોજગાર વિનિમય કચેરી તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા કારકિર્દી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. પર્યાવરણની અસર પર નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. વકતૃત્વ સ્પર્ધામાં મહિલા સશકિતકરણ વિષય હતો.

નિબંધ સ્પર્ધામાં શ્રધ્ધા ચૌધરી, જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલય, શેખ આસિફખાનશ્રી યોગાનંદ હાઈસ્કુલ પેથાપુર, યુવરાજસિંહ વાઘેલા આરાધના સ્કુલના વિજેતા બન્યા હતા. વકતૃત્વ સ્પર્ધામાં જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની પ્રગતિ ચૌધરી, બા શ્રી વંતકુંવરબા વિદ્યાલયની ક્રિષ્ના દવે વિજેતા બની હતી. રોજગાર વિનિમય કચેરી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તથા કન્વીનરશ્રી સંતોકબેન ચૌધરીની રાહબરી હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.

### કંપની સમાચાર

## વોડાફોને અમદાવાદમાં પોતાના ગ્લોબલ ડિઝાઈન સ્ટોરનો પ્રારંભ કરીને રિટેલ ઈનોવેશનની પરિભાષા નવેસરથી નક્કી કરી

વોડાફોને અમદાવાદના નારણપુરા વિસ્તારમાં વોડાફોને વોડાફોન ગ્લોબલ ડિઝાઈન સ્ટોર ખુલ્લો મુકીને ગુજરાતમાં પોતાના ૧,૦૦૦ મા રિટેલ આઉટલેટના પ્રારંભની જાહેરાત કરી છે.

## પધારતા પ્રધાનમંત્રી

● અનુસંધાન પહેલાનું ચાલુ

બંદોબસ્ત વચ્ચે સાફ-સફાઈ અને રંગરોગાનની કામગીરીના અંતે નવો નિખાર જોવા મળે છે. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદ પ્રથમવાર ગુજરાતમાં આવી રહ્યા છે. જેને લઈ નાગરિકો ઉપરાંત પક્ષના આગેવાનો અને કાર્યકરોમાં પણ વિશેષ ઉત્સાહ પ્રવર્ત્યો છે. પ્રધાનમંત્રીનું આગમન ૧૬મીએ બપોરે અમદાવાદ એરપોર્ટ પર થશે. ત્યારબાદ તેઓ અડાલજ સ્થિત ત્રિમંદિર પહોંચશે. જ્યાં પ્રધાનમંત્રી તેમજ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહનું પક્ષના આગેવાનો તેમજ કાર્યકરો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવશે. પ્રધાનમંત્રી આ મુલાકાત દરમિયાન રાજ્યમાંથી પક્ષના હજારો કાર્યકરો પણ ત્રિમંદિર ખાતે હાજરી આપશે. બપોરે ૩ થી ૭ કલાક દરમિયાન ત્રિમંદિર ખાતેના સમારોહ બાદ મોદી સીધા એસ.જી. હાઈવેના રૂટ પરથી રાજભવન પહોંચશે. રાજભવનમાં પણ પક્ષના વરિષ્ઠ આગેવાનો તેમજ મંત્રીઓ સાથે પરામર્શ કરશે. જ્યારે ૧૭મી સપ્ટેમ્બરના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો જન્મ દિવસ હોવાથી પી.એમ. બન્યા બાદ તેઓ પ્રથમવાર તેમની માતા હીરાબાના આશીર્વાદ લેવા સવારે ૮ વાગે સે. ૨૨ ખાતેના નિવાસસ્થાને પહોંચશે. સે. ૨૨ માં પ્રધાનમંત્રીના આગમન પૂર્વે અહીં સિક્યુરીટી વ્યવસ્થા પણ ગોઠવી દેવામાં આવી છે. જ્યારે માતાના આશીર્વાદ લીધા બાદ સવારે ૯ કલાકે મહાત્મા મંદિરમાં આયોજિત સ્વાવલંબન કાર્યક્રમમાં હાજરી આપશે. પ્રધાનમંત્રીના રૂટમાં તેમના સ્વાગત માટે રોશનીથી ઝળહળતા પણ કરી દેવાઈ છે.







## પસ્તી વેચાણની જાહેરાત

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સેક્ટર-૧૭, ગાંધીનગર દ્વારા ગ્રંથાલયના જૂના વર્તમાનપત્રો, સામાયિકો તેમજ ફાટેલા-તૂટેલા ગ્રંથોની પસ્તીનો નિકાલ કરવાનો છે. રસ ધરાવતા ઈજારદારો કે વેપારીઓએ પોતાના ભાવો સીલબંધ કવરમાં તા. ૨૪/૯/૨૦૧૪ના ૧૬-૦૦ કલાક સુધીમાં નીચે દર્શાવેલ સરનામે પહોંચતા કરવાના રહેશે. આ ભરેલા ભાવ પત્રક સાથે ગ્રંથપાલશ્રી, રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા રાષ્ટ્રીયકૃત બેંકનો ચેક ડીપોઝીટ પેટે સાથે જોડવાનો રહેશે. ભાવો અ, બ, ક વર્ગના અલગ આપવાના રહેશે. આ પસ્તી કચેરી સમય દરમિયાન મંગળવારથી શનિવાર સુધીમાં જોઈ શકાશે. મળેલ ભાવ પત્રકો તે જ દિવસે (તા. ૨૪/૯/૨૦૧૪) સાંજે ૧૭-૦૦ કલાકે ખોલવામાં આવશે. તે સમયે ભાવ ભરનાર અથવા તેના એક પ્રતિનિધિ હાજર રહી શકશે. જેના ભાવ પત્રકો મંજુર રહેશે તેમણે દિન-૨ (બે)માં તાત્કાલિક પસ્તી ઉપાડવાની રહેશે. નહિતર ભરેલ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. પસ્તીની વેચાણ કિંમત ઉપર પ્રવર્તમાન દરે વેચાણ / વેટ તેમજ તમામ વેરા જે તે વેપારીએ ભરવાના રહેશે. તમામ અધિકારો નીચે સહી કરનાર પાસે અબાધિત રહેશે.

સહી/-
**(ડો. વર્ષાબેન મહેતા)**
ગ્રંથપાલ
રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર

માહિતી/૧૧૯૯/૨૦૧૪-૧૫

## જાહેરાત

### ગાંધીનગર મહાનગરપાલિકા

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં વર્ષાઋતુ દરમિયાન ઝુંબેશ સ્વરૂપે સઘન સફાઈ કામગીરી માટે દૈનિક રોજમદાર કામદારોની જરૂરિયાત હોઈ આ કામગીરી માટે ઈચ્છુક વ્યક્તિઓએ નીચે મુજબની સુચના અનુસારની લાયકાતો ધરાવતા હોય તેમણે અરજી સાથે તા. ૧૯/૯/૨૦૧૪ના રોજ સમય : ૮-૦૦ કલાકે નીચે જણાવેલ સ્થળે હાજર થવાનું રહેશે. ગાંધીનગરમાં રહેતી વ્યક્તિઓને પ્રાથમિકતા આપવામાં આવશે.

| સંખ્યા | કામગીરી |
|---|---|
| ૩૫ | સફાઈ કામદારો |
| ૧૦ | ઢોર પકડનાર સશક્ત અને અનુભવી |
| ૫ | માળી કામના જાણકાર |

૧. ઉંમર ૧૮ થી ૩૦ વર્ષ સુધી અને તમામ પ્રકારની કામગીરી કરવા સશક્ત
૨. વધુમાં વધુ ધોરણ-૮ સુધી ભણેલ.
૩. સફાઈને લગતી તમામ પ્રકારની કામગીરી કરવા માટે ઈચ્છુક હોય તેવા.
૪. સાથે લાવવાના પુરાવા
   ૧. સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ ૨. ચૂંટણી કાર્ડની નકલ
   ૩. રહેઠાણના પુરાવાની નકલ ૪. બેંક ખાતા નંબર

**સરનામું :**
**ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરી**
**બહુમાળી મકાન, સેક્ટર-૧૧,**
**બી-બ્લોક, પ્રથમ માળ, ગાંધીનગર**

**સહી/-**
**મ્યુનિસિપલ કમિશન**
**ગાંધીનગર મહાનગરપાલિકા**